# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-02-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરી. – બન્ને દેશ વચ્ચે અનેક ક્ષેત્રમાં કરાર થયાં.

2) પ્રધાનમંત્રીએ ઉત્તરપ્રદેશમાં "ઇન્ડિયા ચિપ પ્રાઇવેટ લિમિટેડ" નું વર્ચ્યુઅલી ખાતમુર્હૂત કરતાં કહ્યું તે વૈશ્વિક ચિપ ઉત્પાદન ક્ષેત્રમાં ભારતની ભાગીદારીને મજબૂત બનાવાશે.

3) કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું આસામ આગામી પાંચ વર્ષમાં ઔદ્યોગિક કેન્દ્ર બનશે.

4) અમેરિકા ભારત પર અસ્થાયી રૂપે ટેરિફ ઘટાડીને 10 ટકા કરશે. – વ્હાઈટ હાઉસની સ્પષ્ટતા.

5) મહિલા ક્રિકેટમાં ભારતે T20 મેચમાં ઓસ્ટ્રેલિયા સામે 2-1થી શ્રેણી જીતી.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV EVE PM-BRAZIL PREZ BILATERAL

ભારત અને બ્રાઝિલે આજે નવી દિલ્હીમાં ડિજિટલ ભાગીદારી , દુર્લભ અને મહત્વપૂર્ણ ખનિજોમાં સહયોગ , નાના અને મધ્યમ ઉદ્યોગો અને દરિયાકાંઠાના વિસ્તારો સહિત વિવિધ ક્ષેત્રોમાં અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાએ દ્વિપક્ષીય વાટાઘાટો કરી. બેઠક દરમિયાન , બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા કરી. તેમણે બહુપક્ષીય મંચો , સુધારેલા બહુપક્ષીયવાદ, વૈશ્વિક શાસન અને ગ્લોબલ સાઉથ સંબંધિત મુદ્દાઓ સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી.

એક સંયુક્ત નિવેદનમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિ લુલાના નેતૃત્વમાં ભારત-બ્રાઝિલ સંબંધો મજબૂત થયા છે.

( બાઈટ-પીએમ બ્રાઝિલ)

શ્રી મોદીએ કહ્યું કે મહત્વપૂર્ણ ખનિજો અને દુર્લભ ધાતુઓ પરનો કરાર મજબૂત સપ્લાય ચેઇન બનાવવા તરફ એક મોટું પગલું છે. તેમણે કહ્યું કે ભારત અને બ્રાઝિલ સંમત છે કે આતંકવાદ અને તેના સમર્થકો સમગ્ર માનવતાના દુશ્મન છે. શ્રી મોદીએ કહ્યું કે બંને દેશો આજના પડકારોનો સામનો કરવા માટે વૈશ્વિક સંસ્થાઓમાં સુધારા કરવા પણ સંમત થયા છે.

આ પહેલા, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાનું ઔપચારિક સ્વાગત કર્યું હતું.

. . . . . . . . . . . . .

# PM- INDIA CHIP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર પ્રદેશના યમુના એક્સપ્રેસવે ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓથોરિટી વિસ્તારમાં "ઇન્ડિયા ચિપ પ્રાઇવેટ લિમિટેડ" નો વર્ચ્યુઅલી શિલાન્યાસ કર્યો. આ HCL અને ફોક્સકોન વચ્ચેનો સંયુક્ત સાહસ પ્રોજેક્ટ છે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં HCL-ફોક્સકોન સેમિકન્ડક્ટર પ્લાન્ટની સ્થાપના ટેકનોલોજીકલ સ્વનિર્ભરતા તરફ એક પગલું છે અને વૈશ્વિક ચિપ ઉત્પાદન ક્ષેત્રમાં ભારતની ભાગીદારીને મજબૂત બનાવશે.

(BYTE – MODI CHIP)

આ પ્રસંગે , ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે છેલ્લા 11 વર્ષોમાં , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં એક સુપરપાવર તરીકે સ્થાપિત કર્યું છે તેમણે કહ્યું કે નોઇડામાં સ્થાપિત થનાર પ્લાન્ટ 36 મિલિયન ચિપ્સનું ઉત્પાદન કરશે.

. . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત " કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 131-મી કડી હશે. આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી સમાચાર વેબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મોબાઇલ ઍપ્લિકેશન પર "મન કી બાત" કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

તેમ જ A.I.R. ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલ પર પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ "મન કી બાત" કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . .

# AMIT SHAH - ASSAM

ગૃહમંત્રી અમિત શાહે આજે આસામના કામરૂપ મેટ્રો જિલ્લાના કચુટોલી ખાતે 10મી આસામ પોલીસ બટાલિયનના નવા કેમ્પસનો શિલાન્યાસ કર્યો.
આ પ્રોજેક્ટનો ખર્ચ 260 કરોડ રૂપિયાથી વધુ છે. આ પ્રસંગે રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્ય, મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા અને બંદરો , શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ પણ હાજર રહ્યા હતા.

જાહેર સભાને સંબોધતા ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે આસામ પાંચ વર્ષમાં ભારતનું ઔદ્યોગિક કેન્દ્ર બનશે.

(Byte -- અમિત શાહ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# VP- CONSTITUTION

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે ભારતીય બંધારણની સાચી તાકાત ત્યારે પ્રાપ્ત થાય છે જ્યારે તે લોકો સુધી તેમની પોતાની ભાષાઓમાં પહોંચે છે. ઉપરાષ્ટ્રપતિએ નવી દિલ્હીના ઉપરાષ્ટ્રપતિ ભવનમાં ગુજરાતી અને તમિલ ભાષાઓમાં બંધારણ અને અંગ્રેજીથી હિન્દીમાં અનુવાદિત કાનૂની શબ્દકોષની આઠમી આવૃત્તિનું વિમોચન કર્યા બાદ પોતાના સંબોધનમાં કહ્યું હતું .

તેમણે આ પહેલોને વિવિધ ભાષાકીય સમુદાયોમાં બંધારણીય જાગૃતિ વધારવા તરફના મહત્વપૂર્ણ પગલાં ગણાવતા કહ્યું કે ગુજરાતી અને તમિલ દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક ભાષાઓમાંની એક છે , જે સદીઓ જૂની સાહિત્યિક અને બૌદ્ધિક પરંપરા ધરાવે છે. તેમણે કહ્યું કે આ ભાષાઓમાં બંધારણ ઉપલબ્ધ કરાવવાથી નાગરિકોને તેમના અધિકારો , ફરજો અને લોકશાહી જવાબદારીઓને વધુ સારી રીતે સમજવામાં મદદ મળશે.

. . . . . . . . . . . . .

# GUJ-NITIN NABIN VISIT

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન , જેઓ આજે ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે છે , તેમણે ગાંધીનગરમાં પાર્ટીના રાજ્ય મુખ્યાલય કમલમ ખાતે ઉચ્ચ સ્તરીય સંગઠનાત્મક બેઠકની અધ્યક્ષતા કરી હતી . સભાને સંબોધતા, શ્રી નબીને કામદારોને નવા ધ્યેયો સાથે સતત સક્રિય રહેવા વિનંતી કરી.

ભાજપ પ્રમુખે સરકારની કલ્યાણકારી યોજનાઓને ઉજાગર કરીને સોશિયલ મીડિયા પર ખોટી માહિતીનો અસરકારક રીતે સામનો કરવા કાર્યકર્તાઓને પણ આહ્વાન કર્યું. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવ સહિત અન્ય લોકોએ હાજરી આપી હતી.

. . . . . . . . . . . . .

# AI EXPO - LAST DAY

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાએલો ઇન્ડિયા AI ઇમ્પેક્ટ એક્સ્પો આજે સમાપ્ત થયો.ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટમાં 100 થી વધુ દેશોના પ્રતિનિધિઓ, નવીનતાઓ, ઉદ્યોગપતિઓ અને નીતિ નિર્માતાઓ એકઠા થયા હતા , જેમાં વૈશ્વિક ટેકનોલોજી કંપનીઓના નેતાઓ અને સ્ટાર્ટઅપ પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમને સહભાગીઓ તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો

આકાશવાણી સમાચાર સાથે પોતાના અનુભવ વિશે વાત કરતા, EY ઇન્ડિયા ખાતે સરકાર અને જાહેર સેવાઓ માટે ડેટા અને AI ડિરેક્ટર મીનાક્ષી પ્રસાદે વિવિધ ક્ષેત્રો માટે AI-આધારિત ઉકેલો દર્શાવ્યા અને આ કાર્યક્રમને ખૂબ જ ઉપયોગી પ્લેટફોર્મ ગણાવ્યો.

. . . . . . . . . . . . .

# WHITE HOUSE- TARIFF

અમેરિકામાં વ્હાઇટ હાઉસે સ્પષ્ટતા કરી છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નવા વૈશ્વિક ટેરિફની જાહેરાત બાદ ભારત પર કામચલાઉ 10 ટકા ટેરિફ લાદવામાં આવશે. આ નવો ટેરિફ ઇન્ટરનેશનલ ઇમરજન્સી ઇકોનોમિક પાવર્સ એક્ટ - IEEPA હેઠળ લાદવામાં આવેલા ટેરિફને બદલશે.

અમેરિકા ની સર્વોચ અદાલતે એક ચુકાદામાં રાષ્ટ્રપતિ ટ્રમ્પના વૈશ્વિક ટેરિફને રદ કર્યો, જેનાથી ભારત પર અગાઉ લાદવામાં આવેલા 18 ટકા ટેરિફ પર તેની શું અસર પડશે તે અંગે પ્રશ્નો ઉભા થયા. વ્હાઇટ હાઉસના નિવેદનમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે કલમ 122 હેઠળ ભારત પર ટેરિફ અસ્થાયી રૂપે ઘટાડીને 10 ટકા કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# COMMERCE MINISTRY - US TARIFF

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે આજે જણાવ્યું હતું કે ટેરિફ અને અન્ય તમામ વિકાસ પર યુએસ સુપ્રીમ કોર્ટના નિર્ણયની અસરોનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ મુદ્દા પર એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી . યુએસ વહીવટીતંત્રે આ સંદર્ભમાં કેટલાક પગલાંની જાહેરાત કરી છે

. . . . . . . . . . . . .

# REV. EVE. WOMEN'S-CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારતે આજે ઓસ્ટ્રેલિયાના એડિલેડ ઓવલ સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રણ મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ T20 મેચમાં ઓસ્ટ્રેલિયાને 17 રનથી હરાવ્યું. આ જીત સાથે ભારતે શ્રેણી 2-1થી જીતી લીધી.

ભારત દ્વારા નિર્ધારિત 177 રનના લક્ષ્યનો પીછો કરતા ઓસ્ટ્રેલિયા નવ વિકેટ ગુમાવીને 159 રન બનાવી શક્યું. શ્રેયંકા પાટિલ અને શ્રી ચારણીએ ત્રણ - ત્રણ વિકેટ લીધી, જ્યારે અરુંધતી રેડ્ડીએ બે અને રેણુકા સિંહ ઠાકુરે એક વિકેટ લીધી. પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેતા, ભારતે નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટ ગુમાવીને 176 રન બનાવ્યા. સ્મૃતિ મંધાનાએ 55 બોલમાં 82 રન બનાવ્યા. જેમિમાહ રોડ્રિગ્સે 46 બોલમાં 59 રન બનાવ્યા.

. . . . . . . . . . . . .